# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 1-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- ✓ **જીલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદના સમાપન પ્રસંગે રાષ્ટ્રપતિએ અદાલતોમાં પડતર કેસોના નિકાલ માટે ન્યાયતંત્રના સહિયારા પ્રયાસો પર ભાર મૂક્યો.**
- ✓ **દેશમાં ટકાઉ ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ ઇકોસિસ્ટમ સ્થાપિત કરવા માટે સરકાર નવી યોજના શરૂ કરશે.**
- ✓ **ગૃહ મંત્રાલય દ્વારા રચાયેલી કેન્દ્રીય ઉચ્ચસ્તરીય કમિટી પૂર અને ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઇને નુકસાનનું મૂલ્યાંકન કરશે.**
- ✓ **ચેનલ થકી ગેમ્બલિંગ નેટવર્કમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને યુએઈથી ગુજરાત પોલીસ પકડીને પરત લાવીઆરોપી સામે ઇન્ટરપોલ દ્વારા રેડકોર્નર નોટિસ જાહેર કરાઇ હતી...**
- ✓ **ગાઝામાં પોલીયો રસીકરણ ઝુંબેશ શરૂ કરાતા ઇઝરાયેલ અને હમાસ વચ્ચે સતત ત્રણ દિવસ સુધી આઠ.આઠ કલાક યુધ્ધવિરામ-**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PRESIDENT JUDICIARY CONFERENCE - EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કહ્યું હતું કે ન્યાયતંત્ર સામે પડતર કેસોને ઘટાડવાએ એક મોટો પડકાર છે. આજે સાંજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ન્યાયતંત્રના સહિયારા પ્રયાસ દ્વારા પડતર કેસોની સંખ્યા ઘટાડી શકાશે

પોતાના સંબોધનમાં કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે 75 વર્ષની સફર પૂર્ણ કરી છે. તેમણે કહ્યું કે વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા નાગરિકો માટે ન્યાયિક પ્રણાલીની સારી ઇકોસિસ્ટમ ઉપલબ્ધ હોવી જોઈએ જેથી કરીને તેઓ તેમની વ્યક્તિગત અને સામૂહિક ક્ષમતાને રાષ્ટ્રનિર્માણમાં સમર્પિત કરી શકે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ, ડીવાય ચંદ્રચુડે જણાવ્યું હતું કે પડતર કેસોની સંખ્યા ઘટાડવા માટે રચવામા આવેલી સમિતિએ એક એક્શન પ્લાન તૈયાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે તાજેતરની રાષ્ટ્રીય લોક અદાલતમાં લગભગ 1હજાર કેસોનો પાંચ કામકાજના દિવસોની અંદર શાંતિપૂર્ણ રીતે નિકાલ કર્યો હતો.. **ET**

## WORLD LEADER -VAISHANAV

ઈલેક્ટ્રોનિક અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે દેશમાં ટકાઉ ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવામાં મદદ કરવા માટે સરકાર નવી યોજના શરૂ કરશે.

નવી દિલ્હીમાં ET વર્લ્ડ લીડર ફોરમને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતમાં ઉપયોગમાં લેવાતા તમામ મોબાઈલ ફોનમાંથી ૯૯ ટકાથી વધુ સ્થાનિક રીતે ઉત્પાદન કરવામાં આવે છેતેમણે કહ્યું કે આ વર્ષે એપ્પલ ભારતમાં તેના લેટેસ્ટ મોડલનું ઉત્પાદન . .કરશે

મંત્રીએ માહિતી આપી હતી કે ભારતમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનનું મૂલ્ય 2022-23 સુધીમાં વધીને 105 બિલિયન ડોલર થયું છે, જે 2013-14માં 29 અબજ ડોલર હતું.

તેમણે એમ પણ કહ્યું કે સરકારે જૂન 2024 થી જ્યારે સરકારનો ત્રીજો કાર્યકાળ શરૂ થયો ત્યારથી બે ટ્રિલિયન ડોલરના રેલ, રોડ, એરપોર્ટ અને પોર્ટ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

શ્રી વૈષ્ણવે વધુમાં જણાવ્યું હતું કે સરકારનો અભિગમ એ સુનિશ્ચિત કરીને ટેક્નોલોજીનું લોકશાહીકરણ કરવાનો છે કે મોટી ટેકનો તેના પર એકાધિકાર ન હોય.

## RAILWAYS MINISTER- STATIONS

રેલ્વે મંત્રી અશ્વની વૈષ્ણવે આજે  જણાવ્યું હતું  કે અમૃત સ્ટેશન યોજના હેઠળ ઉત્તર પ્રદેશમાં કુલ 157 સ્ટેશનોનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે અને ઉત્તર પ્રદેશના રેલવે બજેટમાં 18 ગણો વધારો કરવામાં આવ્યો છે.

તેઓ પીલીભીત .મૈલાની વચ્ચે ટ્રેન સંચાલનના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા- તેમણે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આજે બપોરે કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને672 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવેલા પીલીભીત શાહગઢ રેલ્વે સેક્શનના ગેજ કન્વર્ઝન કાર્યનું- પણ ઉદ્ઘાટન કર્યું હતું.

રેલ્વે રાજ્ય મંત્રી વી સોમન્ના વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આ કાર્યક્રમમાં જોડાયા હતા જ્યારે કેન્દ્રીય ઉદ્યોગ, વાણિજ્ય અને માહિતી ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ પીલીભીત સ્ટેશન પર હાજર હતા અને ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી.

શ્રી પ્રસાદ કે જેઓ પીલીભીતના સાંસદ પણ છે તેમણે કહ્યું કે પીલીભીત હવે દેશના રેલ નેટવર્ક સાથે જોડાયેલું છેતેનાથી અહીં રોજગારીની તકો ઉભી થશે અને પ્રવાસનને . .પાંખો મળશે

## CENTRAL COMMITTEE

ગૃહ મંત્રાલયે ગુજરાતમાં વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની

આગેવાની હેઠળ એક ઇન્ટર-મિનિસ્ટિરિયલ સેન્ટ્રલ ટીમની રચના કરી છે. આઇએમસીટી ટૂંક સમયમાં જ રાજ્યનાં પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે.

25-30 ઓગસ્ટ દરમિયાન રાજસ્થાન અને ગુજરાત પર સર્જાયેલા ડીપ ડિપ્રેશનને કારણે ગુજરાત રાજ્યને ભારેથી અતિભારે વરસાદની ગંભીર અસર થઈ હતી. મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં પણ ભારેથી અતિભારે વરસાદની અસર થઈ હતી. વર્ષ દરમિયાન, હિમાચલ પ્રદેશ રાજ્ય પણ ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનના વિવિધ ઝાપટાથી પ્રભાવિત થયું છે

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ વર્ષ દરમિયાન લીધેલા નિર્ણય મુજબ ગૃહ મંત્રાલયે આઇએએમસીટીની રચના કરી છે, જે પૂર અને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત રાજ્યો આસામ, કેરળ, મિઝોરમ અને ત્રિપુરાની અગાઉથી મુલાકાત લીધી છે, જેથી તેમનાં મેમોરેન્ડમની રાહ જોયા વિના નુકસાનની સ્થળ પર આકારણી કરી શકાય. નાગાલેન્ડ રાજ્ય માટે આઇએમસીટીની પણ રચના કરવામાં આવી છે, જે ટૂંક સમયમાં જ રાજ્યનાં અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે.

## REV VP-DEHRADUN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કોલકાતામાં મહિલા ડોક્ટર સાથે બનેલી ઘટનાની નિંદા કરી છે. તેમણે આવા ગુનાઓમાં સંડોવાયેલા ગુનેગારોને સજા કરવા માટે ખાસ મજબૂત તંત્ર બનાવવાની હાકલ કરી હતી. આજે ઉત્તરાખંડમાં AIIMS ઋષિકેશ ખાતે સંસ્થાના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા શ્રી ધનખડે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા અપરાધો થી માનવતાને શરમાવનારાઓ સામે પગલાં લેવા જોઈએ. તેમણે ડોકટરો, નર્સો, કમ્પાઉન્ડર્સ અને આરોગ્ય કર્મચારીઓની સલામતીનું રક્ષણ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

અગાઉ, તેમની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે, ઉપરાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય ભારતીય સૈન્ય કોલેજ, આરઆઈએમસી, દેહરાદૂનના કેડેટ્સને સંબોધિત કર્યા હતા. તેમણે લશ્કરી શાળાઓમાં છોકરીઓને પ્રવેશ આપવાના નિર્ણયની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે

લશ્કરી શાળાઓમાં છોકરીઓનો પ્રવેશ લિંગ સમાનતા અને લિંગ ન્યાય માટે લેવામાં આવેલા નોંધપાત્ર સકારાત્મક પગલાંને દર્શાવે છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલૉ કરી શકો છો...**

## CBI AROPI ARRESTED FROM UAE

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના ગ્લોબલ ઓપરેશન્સ સેન્ટર દ્વારા આજે યુએઈથી વોન્ટેડ આરોપી દિપક ઠકકરને ઝડપીને ભારત પરત લાવવામાં આવ્યો હતો.. રેડ નોટીસ અંતર્ગત દિપક ઠક્કરને ભારત પરત લાવવા માટે ગુજરાત પોલીસ અને ઈન્ટરપોલ એનસીબી-અબુધાબી સાથે સંકલન કરવામાં આવ્યું છે.

આરોપી 25 માર્ચ, 2023ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન, અમદાવાદ, ગુજરાતમાં નોંધાયેલા ફોજદારી કેસમાં વોન્ટેડ છે, જે આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર ગુનાહિત જુગાર રેકેટનો કિંગપિન છે. એપ્લિકેશનના ઉપયોગ દ્વારા 2 હજાર 273 કરોડના નાણાની હવાલા મારફતે હેરાફેરી કરવાનો તેની ઉપર આરોપ છે.

દિપક ઠક્કરને ગુજરાત  દ્વારા ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપિંડી, બનાવટી, ગુનાહિત કાવતરું, પુરાવા ગાયબ કરવા અને ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ અને જુગાર નિવારણ અધિનિયમને લગતા ગુનાઓ માટે વોન્ટેડ જાહેર કર્યો હતો.

## BIHAR RJD

બિહારમાં, વિપક્ષ રાષ્ટ્રીય જનતા દળ  -RJDએ આજે દેશવ્યાપી જાતિ આધારિત વસ્તીગણતરી અને બંધારણની 9મી અનુસૂચિમાં બિહાર વિધાનસભા દ્વારા મંજૂર કરાયેલ

અનામત ક્વોટાનો સમાવેશ કરવાની માંગણી સાથે વિરોધ કર્યો હતો, જે કાયદાઓની ન્યાયિક સમીક્ષાથી મુક્તિ આપે છે.

વરિષ્ઠ આરજેડી નેતા અને રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી પ્રસાદ યાદવે પટનામાં પાર્ટી કાર્યાલયમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતોઅન્ય પક્ષના . .નેતાઓએ પણ માંગને લઈને જિલ્લા મુખ્યાલય પર પ્રદર્શન કર્યું હતું

# BIHAR SHYAM RAJAK

બિહારમાં, ભૂતપૂર્વ મંત્રી અને વરિષ્ઠ આરજેડી નેતા શ્યામ રજક આજે પટનામાં એક કાર્યક્રમમાં સત્તાધારી પક્ષ JD(યુ(માં સત્તાવાર રીતે જોડાયા હતા. 22મી ઓગસ્ટે તેમણે આરજેડી છોડી હતી અને મહાસચિવ પદ પરથી રાજીનામું આપી દીધું હતું .JD(U)ના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય ઝાએ પટનામાં પાર્ટીના રાજ્ય મુખ્યાલયમાં ઘણા વરિષ્ઠ નેતાઓની હાજરીમાં શ્રી રાજકને સભ્યપદનું સંચાલન કર્યું હતું .આરજેડી છોડ્યા બાદ જેડી)યુ(માં શ્યામ રજકની આ બીજી ઇનિંગ છે.

# GAZA POLIO VACCINATION

પશ્ચિમ એશિયામાં, ગાઝા પટ્ટીમાં યુએન એજન્સીઓએ આજે પોલિયોનું અભિયાન શરૂ કર્યું છે. જે અંતર્ગત 6 લાખ ચાલીસ હજાર બાળકોને ગાઝામાં રસી આપવામાં આવશે. આ ઝુંબેશ દરમિયાન સતત 3 દિવસ સુધી આઠ-આઠ કલાકનો ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુધ્ધ વિરામ રહેશે.

વિશ્વ આરોગ્ય સંગઠન ધ્વારા 10 વર્ષથી ઓછી ઉંમરના ઓછામાં ઓછા 90% બાળકોને રસી આપવામાં આવશે.

ઘણા વખતથી ઇઝરાયેલ અને હમાસ વચ્ચે સંઘર્ષ ચાલી રહયો છે તેમાં રસીકરણની ઝુંબેશ યુધ્ધ વિરામનું કારણ બનશે.

# MYANMAR CENSUS

મ્યાનમાર વસ્તીના સચોટ આંકડા મેળવવા માટે વ્યાપક વસ્તી અને આવાસની વસ્તી ગણતરી કરશે.

મ્યાનમારની સ્ટેટ એડમિનિસ્ટ્રેશન કાઉન્સિલ ના અધ્યક્ષ સિનિયર જનરલ (એસએસી) મીન આંગ હલાઈંગે કહ્યું કે, વસ્તી ગણતરી દેશના વર્તમાન અને ભવિષ્યના વિકાસમાં ફાળો આપશે .2024ની વસ્તી અને ઘરગથ્થુ વસ્તી ગણતરીની બાબતમાં આપેલા ભાષણમાં, તેમણે જનતાને વસ્તી ગણતરીના તમામ પ્રશ્નોના સચોટ જવાબો આપવા વિનંતી કરીતેમણે ઉમેર્યું હતું કે ., એકત્રિત કરવાથી મેળવેલ માહિતી સંચાલન  અને વહીવટી ક્ષેત્રો માટે જરૂરી છે. આગામી રાષ્ટ્રવ્યાપી વસ્તી અને આવાસ વસ્તી ગણતરી, જે દર દસ વર્ષે એક વખત હાથ ધરવામાં આવે છે, તે 1 થી 15 ઓક્ટોબર દરમિયાન સુનિશ્ચિત કરવામાં આવી છે.